ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૭૬૫૯-૨૦૧૯

| | | |
|---|---|---|
| વિવાદી | : | શ્રી મનોજકુમાર પ્રભુદાસભાઈ સરપદડિયા<br>ગણેશવાડી, શેરી નં.૨,મું. સાવરકુંડલા,<br>તા. સાવરકુંડલા,જી. અમરેલી - ૩૬૪૫૧૫. |
| | | વિરુધ્ધ |
| પ્રતિવિવાદી | : | (૧) જાહેર માહિતી અધિકારીશ્રી<br>સેકશન અધિકારીશ્રી,<br>બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,<br>બ્લોક નં.૨,૯મો માળ,<br>સચિવાલય,ગાંધીનગર - ૩૮૨૦૧૦.<br>(૨) જાહેર માહિતી અધિકારીશ્રી<br>ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ,<br>એસ. ટી. મધ્યસ્થ કચેરી,<br>રાણીપ એસ.ટી. બસ પોર્ટની બાજુમાં,<br>રાણીપ, અમદાવાદ - ૩૮૨૪૮૦.<br>(૩) અપીલ સત્તાધિકારીશ્રી<br>વિભાગીય નિયામકશ્રી,<br>ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ,<br>એસ. ટી. મધ્યસ્થ કચેરી,<br>રાણીપ એસ.ટી. બસ પોર્ટની બાજુમાં,<br>રાણીપ, અમદાવાદ - ૩૮૨૪૮૦. |

તા. ૧૧/૧૨/૨૦૨૦
શ્રી રમેશ જે. કારીઆ, રાજય માહિતી કમિશનર
ગુજરાત રાજય સમક્ષ

૧. વિવાદીશ્રી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ નમૂના-કની તા.૧૨/૦૯/૨૦૧૯ની અરજીથી તેઓની ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગરને કરેલ વિવિધ અરજી/ફરિયાદ પર થયેલી સંપૂર્ણ કાર્યવાહી અને રેકર્ડ આધારિત ફાઇલ નોટીંગની નકલ, કાર્યવાહી કરવા માટે જે અધિકારી જવાબદાર છે તેમનું નામ અને હોદ્દાની વિગત વગેરે સહિત કુલ-૫ મુદ્દાઓમાં વિસ્તૃત માહિતી માંગેલ છે.

૨. જાહેર માહિતી અધિકારી અને સેકશન અધિકારીશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત સમયમર્યાદામાં તા.૨૬/૦૯/૨૦૧૯ના પત્રથી વિવાદીશ્રીને મુદ્દાવાર જવાબ પાઠવેલ છે તેમજ મુદ્દા નં. ૧ બાબતે કુલ-૦૯ પાનાની માહિતી માટે નકલ ફી પેટે રૂ.૧૮/- ભરવા જણાવેલ છે. ત્યારબાદ વિવાદીશ્રીએ કરેલ પ્રથમ અપીલ અંગે પ્રથમ અપીલ અધિકારી અને વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કોઇ હુકમ કરેલ ન હતો. આથી આયોગ દ્વારા તા.૦૭/૦૨/૨૦૨૦ના હુકમથી પ્રથમ અપીલ અધિકારીશ્રીને બન્ને પક્ષકારોને સાંભળી દિન-૩૦માં નિર્ણય લેવા આદેશ કરેલ હતો.

૩. આયોગ સમક્ષ વિડિયો કોન્ફરન્સથી થયેલ તા.૧૦/૧૧/૨૦૨૦ની સુનાવણીમાં વિવાદીશ્રી ઉપસ્થિત રહેલ ન હતા પરંતુ તેઓ દ્વારા આ અંગે આયોગને તા.૨૨/૧૦/૨૦૨૦ના પત્રથી લેખિત રજૂઆત મોકલેલ છે. પ્રતિવિવાદી પક્ષે સુશ્રી પ્રિતી પીથડીઆ, જાહેર માહિતી અધિકારી અને મદદનીશ વહીવટી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, એસ. ટી. મધ્યસ્થ કચેરી, રાણીપ, અમદાવાદ ગુગલ મીટ એપ્લીકેશનના માધ્યમથી ઉપસ્થિત રહેલ હતા.

૪. સુનાવણી દરમિયાન જાહેર માહિતી અધિકારી અને મદદનીશ વહીવટી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે આયોગને જણાવ્યું કે, તેઓ વર્ષ ૨૦૧૧ થી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, એસ. ટી. મધ્યસ્થ કચેરી, રાણીપ ખાતે ફરજ બજાવે છે પરંતુ તા.૨૨/૧૦/૨૦૨૦ થી તેઓને જાહેર માહિતી અધિકારી તરીકેચાર્જ સોંપવામાં આવેલ છે. તત્કાલિન જાહેર માહિતી અધિકારીશ્રીને વિવાદીશ્રીની તા.૧૨/૦૯/૨૦૧૯ની નમૂના-કની અરજી તબદીલીથી તા.૧૧/૧૦/૨૦૧૯ના રોજ મળેલ હતી. ત્યારબાદ વિવાદીશ્રીએ કરેલ પ્રથમ અપીલ અન્વયે તેઓને તા.૧૨/૦૨/૨૦૨૦ના રોજ સુનાવણી માટે બોલાવેલ હતા પરંતુ વિવાદીશ્રી ગેરહાજર રહેલ હતા. ત્યારબાદ કોરોના મહામારીના કારણે લોકડાઉન લાગુ પડવાના કારણે લોકડાઉન બાદ પુન: તા.૦૨/૦૯/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલની સુનાવણી રાખવામાં આવેલ અને તેમાં વિવાદીશ્રી હાજર રહેલ હતા. સુનાવણી દરમિયાન થયેલ ચર્ચા મુજબ વિવાદીશ્રીએ માંગેલ માહિતી ત્રાહિત વ્યકિતની હોઇ તેમને માહિતી આપી શકાય તેમ નથી, તેવું તા.૦૨/૦૯/૨૦૨૦ના રોજ રોજકામ કરવામાં આવેલ હતું.

૫. પ્રસ્તુત અપીલ તેમજ અગાઉની અપીલો દરમિયાન વિવિધ જાહેર માહિતી અધિકારીશ્રીઓએ આયોગને જણાવેલ કે, વિવાદીશ્રી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, એસ. ટી. કચેરી, હેઠળ કન્ડકટર તરીકે તા.૦૧/૦૩/૨૦૧૧ થી ફરજ બજાવતા હતા અને ટિકિટચોરી બાબતે તા.૨૪/૦૯/૨૦૧૩ થી બરતરફ થયેલ હતા. ત્યારબાદ તેઓને તા.૦૬/૦૯/૨૦૧૪ એ પુન: સ્થાપિત કરેલ હતા. ફરીથી વર્ષ – ૨૦૧૭ માં ટિકિટચોરી બાબતે તેઓને તા.૦૭/૦૩/૨૦૧૭ના રોજ બરતરફ કરવામાં આવેલ હતા. આથી

તેઓ વારંવાર વિવિધ પ્રકારની માહિતી માંગવા ટેવાયેલ છે. આ વિવાદીશ્રીએ વર્ષ – ૨૦૧૭ થી અત્યાર સુધી આશરે ૧૭૦ થી વધુ અરજીઓ તેમજ આશરે ૧૪૦ થી વધુ પ્રથમ અપીલો કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીશ્રીઓ દ્વારા તેમજ પ્રથમ અપીલ અધિકારીશ્રીઓ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઈ ધ્યાને લઈ આપવાપાત્ર તમામ માહિતી વિવાદીશ્રીને પૂરી પાડવામાં આવેલ છે. આમ છતાં વિવાદીશ્રી વારંવાર તેઓની બરતરફીને કારણે માહિતી માંગતી વિવિધ અરજીઓ કરી કચેરીના અધિકારી/કર્મચારીઓને હેરાનગતિ પહોંચાડવા ટેવાયેલ છે.

૬. વિવાદીશ્રીને બે વાર બરતરફ કરવામાં આવ્યા તે અંગે તેમની સામે થયેલ ખાતાકીય તપાસને કારણે પણ તેઓ અવારનવાર વિવિધ માહિતી માંગતા હોય તેમ જણાય છે. આ બાબતે આયોગે અપીલ નં. ૮૯૯૭/૨૦૧૨માં તા.૧૫/૦૫/૨૦૧૪ ના રોજ ગુજરાત રાજ્યના મુખ્ય માહિતી કમિશનરશ્રી તરફથી કરવામાં આવેલ હુકમમાં કરેલ નિરીક્ષણ પણ ધ્યાને લીધેલ છે. જેમાં ખાતાકીય તપાસના કેસમાં સંબંધિતોને બચાવનામું રજૂ કરવા બાબતે જરૂરી તમામ વિગતો મેળવવા અંગે જોગવાઈ હોઈ, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ નો સહારો લેવાની જરૂર નથી. તે હુકમના સંબંધિત ફકરા નં. ૯ અને ૧૦ માં કરેલ સૂચક અવલોકન નીચે મુજબ છે :

**"9. The departmental enquiry procedure which is expected to be very transparent, gives the appellant all opportunities to protect her interest completely and she is also entitled to call for any information and all related documents that she feels she would require to protect her interest in the departmental enquiry. Given this provision in the departmental proceedings, the Commission feels that it may not be appropriate to invoke the provisions of RTI Act separately. Since the details of the proceedings under the departmental enquiry procedure is outside the purview of the RTI Act and how far the information sought under the RTI Act will work contrary to the interest of the Institution cannot be clearly assessed. The representative of the UNMICRC, public authority who was present during the hearing, has mentioned that the disclosure of the information sought by the appellant may affect the procedure of the departmental enquiry against the appellant. This plea of the institution needs to be given due weightage as per section 8 (1) (h) of the RTI Act.**

**10. Further, the departmental enquiry proceedings would give the appellant complete opportunity to protect her interest and she could call for all the documents that she feels are necessary to protect her interest. In case any of the information sought under the departmental enquiry procedure is denied, the appellant would have an opportunity to represent before the competent authority against the decision taken under the departmental enquiry against her. Therefore, the Commission feels that it may not be appropriate for the Commission to provide information separately, even to a limited extent as held in para 7 above, under the RTI Act, since the appellant would get adequate opportunity to get the necessary information to protect her interest as per departmental enquiry proceedings. Further the Commission feels that the departmental enquiry and the RTI Act should not act at cross purpose, for it would then violate the provision of Section 8(1) (b)."**

૭. નામ. દિલ્હી હાઈકોર્ટના **ShailSahni V/s Sanjeev Kumar and Ors. (W.P. (C)) 845/2014** માં કરેલ અવલોકન, ફકરા નં. ૧૦ માં નોંધ્યુ છે કે, માહિતી અધિકાર અધિનિયમના દુરુપયોગને અટકાવવા યોગ્ય પગલાં ભરવા જોઈએ અન્યથા લોકો આ અધિનિયમમાં શ્રદ્ધા અને વિશ્વાસ ગુમાવી બેસશે. લોકોપયોગી એકટનો હેરાનગતિ કરવા દુરુપયોગ થાય તો એકટની જોગવાઈ અંતર્ગત તે રોકવી જોઈએ. માહિતી અધિકાર અધિનિયમ જેવા **Sun Shine Act** નો બેફામ દુરુપયોગ રોકી જાહેર સત્તામંડળોની કામગીરીમાં અવરોધરૂપ ચેષ્ટાઓ રોકવામાં નહિ આવે તો તેનાથી જાહેર સત્તામંડળો તેમની પારદર્શક કામગીરી માટે ધ્યાન આપી નહિ શકે. બિનજરૂરી બેફામ અને અવિરત માહિતી માંગતી અરજીઓ કરવી તે જાહેરહિતને નુકશાનકર્તા સાબિત થાય છે. આયોગ વિવાદીશ્રીની આવી પ્રવૃત્તિઓને મૂક પ્રેક્ષક બની ચાલવા દઈ ન શકે તેમજ અનુમોદન આપી ન શકે.

૮. આયોગને જણાય છે કે, વિવાદીશ્રી **(Cantankerous)** વક્ર માનસિકતા ધરાવતા અને જાહેર સત્તામંડળ તેમજ આયોગ માટે સતત ઉપદ્રવ ઊભો કરનાર અરજદાર છે. અરજદારે માંગેલ જુદી-જુદી માહિતીઓનું લાંબુ લીસ્ટ જોતાં સ્પષ્ટપણે એવું જણાય છે કે, એક કર્મચારી કે જેને પોતાની સંસ્થા સામે કોઈ અસંતોષ/ફરિયાદ હોવાથી તેનો બદલો લેવા માટે માંગેલ માહિતી મજાક મશ્કરી કરતી, અસંગત અને અર્થહીન જણાય છે. મોટાભાગે અરજદારે સ્ટાફને લગતી લગભગ તમામ રેકર્ડસ ગણી શકાય તેવી રીતે માહિતી કે જેનો કોઈ અર્થ નિકળી શકે નહિ તેવી રીતે માહિતી માંગીને માહિતી અધિકારના કાયદાની જાણે મશ્કરી (અવમાનના) કરતા હોય તેવું લાગે છે. આયોગને એવું જણાય છે કે, માહિતી અધિકારના કાયદાના આમુખમાં જણાવ્યા મુજબ વહીવટમાં પારદર્શિતા અને જવાબદેહીપણું નકકી કરવાનો મુખ્ય હેતુ પ્રસ્તુત કિસ્સામાં અરજદારે વિવિધ અરજીઓમાં માંગેલ લાંબી માહિતીઓ માહિતી અધિકારના મુખ્ય ધ્યેયો સાથે કોઈ રીતે સુસંગત નથી. આયોગને એવું લાગે છે કે, આવી માહિતીઓ જાહેર સત્તામંડળને કોઈ રીતે અનુચિત અને અનિચ્છનીય રીતે દબાણમાં લાવવા માટે જ માંગવામાં આવી હોય અને તેથી પ્રસ્તુત અપીલને અર્થહીન અને અતાર્કિક ગણીને રદ કરવામાં આવે છે. આ પ્રકારે અવારનવાર માહિતી માંગવાથી નામ. સુપ્રિમકોર્ટના **CBSE V/s Aditya Bandopadhyay (2011) 8 SCC 497** માં

ઉલ્લેખ કર્યા મુજબ જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે વપરાય છે.

૯. પ્રસ્તુત અપીલ બાબતે આયોગે પંજાબ માહિતી આયોગ, ચંદીગઢના મુખ્ય માહિતી કમિશનરશ્રીના તા.૧૦/૧૦/૨૦૧૮ના પત્ર સાથે બીડેલ વિવિધ કુલ-૧૯ હુકમોની સંક્ષિપ્ત વિગતોમાં ઉલ્લેખ કરેલ પૂર્ણ બેંચના શ્રી ગુરદીપ સિંઘ ધીંગરીના **AC 312 to 317 of 2017** માં તા.૧૯/૦૭/૨૦૧૭ના હુકમ તેમજ અન્ય ૧૮ હુકમોની વિગતો ધ્યાને લીધેલ છે.

૧૦. સમગ્ર બાબતો ધ્યાને લેતાં આયોગ હવે પછી આ અરજદારને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ રાજ્યની કોઇ પણ કચેરી સમક્ષ માહિતી માંગવા બાબતે **(Black list)** કાળીયાદીમાં મૂકી, તેને માહિતી પૂરી પાડવા ઉપર પ્રતિબંધ ફરમાવે છે.

૧૧. ઉકત વિગતે પ્રસ્તુત બીજી અપીલનો આયોગ દ્વારા નિકાલ કરવામાં આવે છે. આ સાથે આયોગ દ્વારા તા.૦૮/૧૦/૨૦૨૦ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રીને આપવામાં આવેલ કારણદર્શક નોટિસ રદ કરવામાં આવે છે.

સહી/-
(રમેશ જે. કારીઆ)
રાજય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

| મુકાબલ કરનાર | પ્રમાણિત કરનાર |
|---|---|
| કાયદા અધિકારી<br>ગુજરાત માહિતી આયોગ<br>ગાંધીનગર | નાયબ સચિવ<br>ગુજરાત માહિતી આયોગ<br>ગાંધીનગર |